# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-08-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Sunday** **National News**

## આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

**************************************************

- ✓ કોલકાતામાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ અને હત્યાના કેસમાં સર્વોચ્ચ અદાલત મંગળવારે સુનાવણી કરશે.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરિકતા સંસોધન કાયદોને ન્યાય અને સમ્માન આપતો કાયદો ગણાવ્યો, અમદાવાદમાં 188 શરણાર્થીઓને નાગરકતા પ્રમાણપત્ર એનાયાત..
- ✓ મંકીપૉક્સ વાઇરસની ભીતિને જોતા બાંગ્લાદેશ, ચીન સહિતના દેશોએ આંતરરાષ્ટ્રીય વિમાન મથકો પર તબીબી તપાસ ફરજિયાત બનાવી..
- ✓ ઉત્તર પ્રદેશના બુલંદ શહરમાં માર્ગ અકસ્માતમાં 10 પ્રવાસીઓના મોત, જ્યારે 37થી વધુ ઈજાગ્રસ્ત..
- ✓ દેશભરમાં રક્ષાબંધન પર્વને લઇને લોકોમાં ભારે ઉમંગ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નાગરિકોને શૂભેચ્છા પાઠવી.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## SC-KOLKATA DOC CASE

કોલકાતાની આર.જી કર મેડકલ કોલેજમાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ અને હત્યાના કેસમાં સર્વોચ્ચ અદાલત મંગળવારે સુનાવણી કરશે.

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાય મૂર્તિ ડી. વાય ચંદ્રચૂડ, ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને ન્યાયાધીશ મનોજ મિશ્રાની ખંડપીઠ આ અંગે સુનાવણી કરશે. ઉલ્લેખનીય છે કે, આ મહિનાની શરૂઆતમાં કોલકાતાની આર. જી. કર કોલેજમાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ આચરીને હત્યા કરી દેવાઈ હતી. આ ઘટના બાદ કોલકાતા પોલીસે એક સ્વયંસેવકની ધરપકડ કરી છે. ઘટનાને લઇને દેશભરમાં વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે. વિવિધ તબીબી સંગઠનો આ મામલે હડતાળ પર ઉતર્યા છે. કોલકાતા વડી અદાલતે આ કેસ સીબીઆઈને સોંપ્યો છે.

## AMIT SHAH- GUJ.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે, નાગરિકતા સંશોધન કાયદો – CAAથી કોઈ પણ ધર્મની નાગરિકતા સમાપ્ત થતી નથી, પરંતું તેનાથી ભારતમાં શરણ લેનારા શરણાર્થીઓને નાગરિકતાની સાથે સાથે સમ્માન અને ન્યાય મળે છે.

શ્રી શાહે આજે અમદાવાદમાં 188 શરણાર્થીઓને નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. આ સમારોહમાં બોલતાં શ્રી શાહે વોટબેંક અને તુષ્ટિકરણના રાજકારણ માટે, વિસ્થાપિત હિન્દુઓ તેમજ અન્ય લઘુમતીઓની ઉપેક્ષા કરવા બદલ અગાઉની કોંગ્રેસ સરકારની ટીકા કરી

હતી. તેમણે દેશભરમાં સીએએ લાગુ કરવા માટે મોદી સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

આ પૂર્વે ગૃહમંત્રીએ આજે અમદાવાદમાં નગર નિગમની એક હજાર કરોડ રૂપિયાથી વધુની વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને ખાતમહૂર્ત કર્યું. શ્રી શાહે સાંજે સાબરમતી વિસ્તારમાં પક્ષના કાર્યકર્તાઓને સંબોધન કર્યું હતુ.

## BANGLADESH/ CHINA-MPOX

મંકીપૉક્સના વધતા કેસોને જોતા બાંગ્લાદેશની સરકારે પ્રવાસીઓની તબીબી તપાસના આદેશ આપ્યા છે. ઢાકા આંતરરાષ્ટ્રીય વિમાનથક ખાતે આવનારા તમામ મુસાફરોની તપાસ કરાશે. મંકીપૉક્સના લક્ષણો જણાય એવા પ્રવાસીઓ વિશેની જાણકારી આરોગ્ય મંત્રાલયને મોકલવા માટેના આદેશ અપાયા છે. જો કે, બાંગ્લાદેશમાં હજી સુધી મંકીપૉક્સનો એક પણ કેસ નોંધાયો નથી.

તો ચીને પણ મંકીપૉક્સ વાઇરસના સંક્રમણને જોતા આગોતરા પગલાં લેવાના શરૂ કર્યા છે. 15મી ઑગસ્ટથી મંકીપૉક્સ સંક્રમિત દેશોમાંથી ચીન જનારા મુસાફરોએ કસ્ટમ વિભાગને માહિતી આપવાની રહેશે. આ મુસાફરોએ તેમનામાં તાવ, માથાનો દુખાવો, માંસ પેશિયોમાં દુખાવા સહિતના લક્ષણો વિશે જાણ કરવાની રહેશે.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ આફ્રિકાના દેશોમાં મંકીપૉક્સના કેસોની વધતી સંખ્યાને જોતા વૈશ્વિક આરોગ્ય કટોકટીની જાહેરાત કરી છે.

મંકીપોક્સ વાઇરસને કારણે થતો ચેપી રોગ સંપર્ક દ્વારા ફેલાય છે. જેમાં તાવ, સોજો, ગળામાં દુખાવો, સ્નાયુમાં દુખાવો, ચામડી પર ફોલ્લીઓ અને પીઠના દુખાવો સહિતના લક્ષણો જોવા મળે છે.

દરમિયાન, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે ભારતમાં હજી સુધી મંકીપૉક્સનો એક પણ કેસ નોંધાયો નથી. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ ગઈકાલે નવી દિલ્હીમાં એક બેઠકમાં મંકીપોક્સની સ્થિતિ અને તૈયારીઓની સમીક્ષા કરી હતી.

## UP ACCIDENT

ઉત્તરપ્રદેશના બુલંદશહરમાં એક માર્ગ અકસ્માતમાં 10 પ્રવાસીઓના મોત થયા છે, જ્યારે 37થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઇજાગ્રસ્તોને નજીકના હૉસ્પિટલોમાં જ્યારે 4 ગંભીર રીતે ઇજાગ્રસ્તોને મેરઠની હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

અમારા સંવાદદાતા જણાવે છે કે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પીડિતોને તાત્કાલિક સારવાર આપવા માટે અધિકારીઓને નિર્દેશ કર્યા હતા.

બુલંદશહરના જિલ્લા મેજિસ્ટ્રેટના જણાવ્યા અનુસાર, ગાઝિયાબાદની એક બ્રેડ કંપનીમાં કામ કરતા કામદારો રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવા, ગાઝિયાબાદથી પીકઅપ ટ્રકમાં અલીગઢ જિલ્લાના રાયપુર ગામ જઈ રહ્યા હતા. જ્યારે એક ખાનગી બસ બુલંદશહર તરફ જઈ રહી હતી, દરમિયાન બંને સામ સામે અથડાતાં આ સર્જાયો હતો.

# PREZ - RAKSHA BANDHAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશના નાગરિકોને રક્ષાબંધનની શૂભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ લખ્યું છે કે, રક્ષાબંધન એ ભાઈ અને બહેન વચ્ચેના પવિત્ર સંબંધોની ઉજવણીનો તહેવાર છે, જે પરસ્પર પ્રેમ અને વિશ્વાસને મજબૂત બનાવે છે.

રાષ્ટ્રપતિએ કહ્યું, આ તહેવાર ધાર્મિક અને સાંસ્કૃતિક મર્યાદાથી આગળ વધીને દેશની વિવિધતામાં એકતાનું પ્રતિક છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, આ તહેવાર મહિલાઓના અધિકારોનું રક્ષણ કરવાના અમારા સંકલ્પને મજબૂત કરે છે.

## MUKHYAMANTRI MAIYA SAMMAN YOJANA

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને મુખ્યમંત્રી 'મૈયા સમ્માન યોજના'નો પ્રારંભ કરાવ્યો છે. યોજના અંતર્ગત મુખ્યમંત્રીએ 57 હજાર, 120 મહિલા લાભાર્થીઓના ખાતામાં DBT દ્વારા પ્રથમ હપ્તો ટ્રાન્સફર કર્યો હતો.

યોજના અંગે માહિતી આપતા શ્રી સોરેને જણાવ્યું કે, 21થી 50 વર્ષની મહિલાઓને આર્થિક સહાય તરીકે દર મહિને એક હજાર એમ વાર્ષિક 12 હજાર રૂપિયાની સહાય કરાશે.

વધુમાં તેમણે જણાવ્યું કે, 31 ઑગસ્ટે એક હજાર રૂપિયા આ લાભાર્થીઓના ખાતામાં જમા કરાશે. જ્યારે સપ્ટેમ્બર માસ પછીથી દર 15મી તારીખે વળતર ટ્રાન્સફર કરાશે. ઝારખંડમાં મુખ્યમંત્રી મૈયા સમ્માન

યોજના અંતર્ગત અંદાજે 48 લાખ મહિલાઓને લાભ મશશે. લાભાર્થીઓને મોબાઇલ પર SMSની મદદથી વળતર અંગેની જાણકારી મળશે.

## MALAYSIA PM – INDIA

મલેશિયાના પ્રધાનમંત્રી દાતો સેરી અનવર બિન ઇબ્રાહિમ આવતીકાલથી ત્રણ દિવસના ભારત પ્રવાસે આવશે અને વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરશે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, 2015માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મલેશિયા પ્રવાસથી બંને દેશો વચ્ચેના દ્વીપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક દ્રષ્ટિએ નવી ઉંચાઈઓ મળી હતી. મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમની આ મુલાકાતથી ભવિષ્ય માટે બહુક્ષેત્રીય સહકારના પરિપ્રેક્ષ્યમાં ભારત-મલેશિયા વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો માર્ગ મોકળો બનશે.

## NEPAL-FM-VISIT

નેપાળના વિદેશ મંત્રી ડૉ. આરજૂ રાણા દેઉચા પાંચ દિવસના ભારત પ્રવાસે છે. આ યાત્રા દરમિયાન તેઓ વિદેશમંત્રી ડૉ. એસ જયશંકર સાથે દ્વિપક્ષીય મુદ્દાઓ અંગે ચર્ચા કરશે.

વિદેશ મંત્રાલયે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ડૉ. દેઉચાની આ ભારત યાત્રા બંને દેશો વચ્ચે પરંપરાગત નિયમિત ઉચ્ચસ્તરીય ચર્ચાનો ભાગ છે. વધુમાં મંત્રાલયે જણાવ્યું છે કે, ભારતની પાડોશી પ્રથમ નીતિમાં નેપાળ પ્રાથમિક ભાગીદાર છે. આ મુલાકાત બંને

દેશો વચ્ચે દ્વીપક્ષીય સહકારની પ્રગતિની સમીક્ષાની તક ઉભી કરશે. આ ઉપરાંત તેનાથી બંને દેશો વચ્ચેના સંબંધો સુદ્રઢ કરવામાં મદદ મળશે.

## WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 2-3 દિવસ સુધી દેશના પૂર્વ ભાગમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

તટીય પશ્ચિમ બંગાળ, ઓડિશા, ઝારખંડ, બિહાર, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આ મહિનાની 20 તારીખ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. આગામી 2-3 દિવસ દરમિયાન કેરળ, તમિલનાડુ અને લક્ષદ્વીપમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે.

તો દિલ્હીમાં આખા સપ્તાહ દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ અને હળવા વરસાદની શક્યતા છે.

## JAPAN-HEATWAVE

જાપાનમાં હીટવેવને કારણે સ્થિતિ વણસી રહી છે. આજે દેશના અનેક ભાગોમાં મહત્તમ તાપમાન 35 ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હતું. કુમામોટો અને નાગોયા જેવા શહેરોમાં ભીષણ ગરમીને કારણે 36.4 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જ્યારે કે દક્ષિણ પશ્ચિમના કેટલાક શહેરોમાં 36.6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જાપાન સરકારે ગરમીને જોતા નાગરિકોને જરૂરી કારણે વિના ઘર બહાર ન નીકળવાની, તેમજ ભરપૂર માત્રામાં પાણી પીવાની સલાહ આપી છે.

## ISRAEL HAMAS PEACE TALK

ગાઝા પટ્ટીમાં હમાસ અને ઇઝરાયેલ વચ્ચે યુદ્ધવિરામ અંગેની વાટાઘાટો બુધવારે ઇજિપ્તની રાજધાની કૈરોમાં ફરી શરૂ થશે. મીડિયા અહેવાલો અનુસાર, ત્રણ મધ્યસ્થીઓ- ઇજિપ્ત, કતાર અને અમેરિકા સાથે ઇઝરાયેલનું પ્રતિનિધિ મંડળ બુધવારે અને ગુરુવારે યોજનારી વાટાઘાટોમાં ભાગ લેશે. ઇજિપ્ત, અમેરિકા અને ઇઝરાયેલના પ્રતિનિધિઓ હાલમાં દોહામાં છે.

દોહામાં, ચાર દેશોના અધિકારીઓએ ઇઝરાયેલી બંધકો અને પેલેસ્ટિનિયન અટકાયતીઓની મુક્તિ સહિત ગાઝામાં યુદ્ધવિરામ માટેના કરારને પૂર્ણ કરવાના ઉદ્દેશ્ય સાથે બેઠક કરી હતી. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડેને શુક્રવારે કહ્યું કે, પશ્ચિમ એશિયામાં યુદ્ધવિરામનો કરાર તેના અંતિમ પડાવમાં છે.

## FSSAI - FOOD

ભારતીય ખાદ્ય સુરક્ષા અને પ્રમાણ સંસ્થા- FSSAI એ ખાદ્ય પદાર્થોમાં માઇક્રોપ્લાસ્ટિક પ્રદૂષણની વધતી ચિંતાઓને જોતા નવી યોજના શરૂ કરી છે.

માઇક્રોપ્લાસ્ટિકના પ્રદૂષણને ઉભરતા જોખમ તરીકે જોતા વિવિધ ખાદ્ય ઉત્પાદનોમાં સૂક્ષ્મ અને નાના પ્લાસ્ટિકના ટુકડાઓને શોધવા વિશ્લેષણાત્મક રીતો વિકસીત કરવા આ યોજનાની શરૂઆત આ વર્ષે માર્ચમા કરાઈ હતી. જેનો હેતુ યોજનાના મુખ્ય ઉદેશ્યોમાં સૂક્ષ્મ અને નાના

પ્લાસ્ટિક વિશ્લેષણ માટે જરૂરી પ્રોટોકોલ વિકસીત કરવું અને વિવિધ પ્રયોગશાળાની તુલના અને ઉપભોક્તા પર માઇક્રોપ્લાસ્ટિકની અસરના સંભવિત આંકડાઓ એકત્ર કરવાનો છે.